શ્રી

ચંદ્રવિલાસ નાટકનાં ગાયનો.

રચનાર,

માણુશંકર હીરાલાલ રાવળ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુ[illegible]શંકર હીરાલાલ રાવળ.

મુકામ પાટણ.

અમદાવાદ,

"વિજય પ્રવર્ત્તક" પ્રિન્ટિન્ગ પ્રેસ.

સંવત ૧૯૬૧ સને ૧૯૦૫

કિંમત રૂ [illegible] કલદાર.

હિંદી પ્રજાને સ્વતંત્ર ઉદ્યોગી ને સુખી થવાનું

મુખ્ય અને સહેલું સાધન,

શ્રી શિશુરક્ષક ફંડ

(ગરીબ તવંગર સર્વેને માટે)

જેઓ પોતાની પ્રજાને હાલની માફક ખરી ઉમાન વગે ધંધા માટેની મુસ્કેલીયો ને હાડમારીથી દૂર રાખી તેમને ખરેખર સ્વતંત્ર ઉદ્યોગી ને સુખી કરી કુટુંબની કુશળતા ચાહાતા હોય તેમને આ ફંડનો લાભ લેવા અમારી ખાસ વિનંતી છે

૧ એકથી વીશ વર્ષ સુધીના છોકરાઓનો તેમની યુવાન (પચિસ વર્ષની) ઉંમરે અમુક રકમ સ્વતંત્ર થાપણ તરીકે મળવાના વીમો આ ફંડમાં ઉતરે છે.

૨ દાખલ થતી વખતે બાળકની ઉંમર ને મળનારી રકમના પ્રમાણમાં મેમ્બરે (વીમો ઉતરાવનારે) નિયમથી ઠર્યા મુજબ ફાળો ભરવા જોઇયે.

૩ બાળકના મરણથી યા ફાળો ભરનારની અશક્તિ વીગેરેથી પણ નુકશાન તો થવાનુંજ નહીં.

૪ આ ફંડ (સ્વાધીક) કંપનીનું ન છતા અમારી માલકીનું માત્ર દેશ સેવાના ઉદ્દેશેજ સ્થાપેલું છે અને હીસાબ વીગેરે ઉપર મેમ્બરો ની સત્તા રાખીછે.

૫ દાખલ થયા પછીનો ફેરફાર તે (પાછલા) મેમ્બરોને લાગુ થતો નથી.

૬ સર્ટીફિકેટ સ્ટામ્પ ઉપર અને તે સાથેજ નિયમની એક બુક મેમ્બરને મફત અને હરકોઇને તે એક આને આપું છે. પોષ્ટ જૂદું.

એજંટ—દરેક સ્થળે એકજ અને કાયમનો એજંટ નીમવાનો ધારો છે માટે ઉમેદવારે સત્વર લખવું. ટીકીટ મોકલી જવાબ માગવો.

સુ. પાટણ (ગુજરાત) } **જાની દોલતરામ પ્રાણશંકર,**
ઈસ્લામ ઓફીસ. } **વ્યવસ્થાપક અને માલીક**

શ્રી

ઇંદ્રવિલાસ નાટકનાં ગાયનો.

રચનાર,

માણશંકર હીરાલાલ રાવળ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુલાબશંકર હીરાલાલ રાવળ.

મુકામ પાટણ.

અમદાવાદ,

"વિજય પ્રવર્ત્તક" પ્રિન્ટિન્ગ પ્રેસ.

સંવત ૧૯૬૧ સને ૧૯૦૫

કિંમત રૂ ૦-૨-૦ કલદાર.

મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

વીરસેન............અમૃતપુરીના અધિપતિ.

પ્રેમસેન...........વીરસેનનો કુમાર.

ઇંદ્રવિલાસ..........ઇંદ્રપુરીનો રાજા, ઉર્વશીનો પતિ.

કુરસિંહ............ઇંદ્રવિલાસનો પિતરાઇ ભાયાત.

જશવંતસિંહ......પ્રધાન પુત્ર, પ્રેમનો મિત્ર.

જહાંગીરશાહ......મુસલમાન બાદશાહ.

અભિમાની.........કોટવાળ.

શામજી............રજવાડી ઠાકોર.

બાદ—સુત્રધાર. વિદુષક, જાદુગર, પ્રધાન, સેનાધિપતિ, ગુરૂ, સોની, ચોર, સિદ્ધ તથા ચેલા, લસ્કર વિગેરે.

સ્ત્રી વર્ગ.

વીરમતિ............વીરસેનની રાણી.

ઉરવશી.............ઇન્દ્રની પત્નિ ને પ્રેમની બહેન.

રસિકા...............શામજી ઠાકોરની સ્ત્રી.

રૂપાળી.............કુરસિંહની પુત્રી, પ્રેમની પત્નિ.

ચતુરકળા ....નાયકા.

બાદ—વારાંગના, નટી, સાહેલીઓ, સોનકી, બાપુડી વિગેરે વિગેરે.

પ્રવેશ વાર ટુંક હકીકત.

અંક પેહેલો.

પ્રવેશ ૧ લો-પ્રારંભમાં સુત્રધારની પ્રભુપ્રાર્થના બાદ વિદુષકની ગંમત.

પ્ર. ૨ જો-સ્થળ ઉરવશીનું એકાંત ભુવન, અમૃતપુરીના અધિપતિની પુત્રી ઉરવશી પોતાના સગપણ સંબંધીનો વિચાર પોતાની સાહેલીથી મેળવે છે.

પ્ર. ૩ જો-મહાનગુરૂને ત્યાં ઉરવશીએ વિદ્યાભ્યાસ માટે આવવું.

પ્ર. ૪ થો-સ્થળ અમૃતપુરીની રાજ્ય સભા, ઉરવશીનું લગ્ન ઇંદ્રપુરીના મહારાજા ઇંદ્રવિલાસ સાથે કરવા વિરસેનનો વિચાર, તેને માટે મહાનગુરૂને ઇંદ્રપુરીની છબી લાવવા કહેવું, ત્યારબાદ નૃત્ય વિગેરે.

પ્ર. ૫ મો-સ્થળ ઇંદ્રપુરીની હદ, દગાખોર ક્રુરસિંહ સાથે ગુરૂનું મળવું, ગુરૂએ પૈસાથી લલચાઇને ઇંદ્રની છબી ન લાવતાં ક્રુરસિંહની લેવી, અનાયાસે મૃગ્યારમતાં ઇંદ્રનું ભૂલું પડવું, રસ્તાનો ફેરફાર થવો.

પ્ર. ૬ ઠો-અમૃતપુરીના પહાડેશ્વર મહાદેવનું મંદિર, ઉરવશી તથા સાહેલીઓનું પૂજન અર્થે આવવું, વિખુટા થએલા સ્વારોની ઇંદ્રે શોધ કરતાં ન જડવાથી શ્રમિત થવું, ભાવી બળે કરી ઇંદ્રનો ઉરવશી સાથે પ્રથમ પ્રેમની શરૂઆત કરવી.

પ્ર. ૭ મો-વિદુષક અને તેની સ્ત્રી બાપુડીનું રમુજી ફારસ.

પ્ર. ૮ મો-મહારાજા વિરસેનને પુત્ર નહિં હોવાથી ભવાની માતાએ જવા નિશ્ચય.

પ્ર. ૯ મો-અભિમાની કોટવાળ અને ટીકલા વચ્ચે અભિમાન વિષે સંવાદ

પ્ર. ૧૦ મો-ભવાની માતાનું પ્રસન્ન થવું, અને પુત્રનું વરદાન આપવું.

પ્ર. ૧૧ મો-ગુરૂએ ઉરવશીનું હરણ થાય તેવો ઇલાજ બતાવવાનો નાણાં લેવાં.

પ્ર. ૧૨ મો–શાગજી ઠાકોરની ગંદગી હોવાથી તેની સ્ત્રી રસિકાએ વૈધરાજને ઇશારતથી શાગજીને ઝેર આપવાની કરવી, તે ટીકલાએ જોવી, રસિકા સાથે અભિમાની કોટવાળનો પ્રેમ ટીકલાથી જાહેર થયો.

અંક બીજો.

પ્ર. ૧ લો–પ્રેમસેનનું નગરચર્ચા જોવા નિકળવું. અને પ્રધાન પુત્ર જશવંતનું આવવું, બંનેની મિત્રાચારી થવી, દુષ્ટ નાયકા ચતુરકળાનો જશવંતને ફસાવવા વિચાર, પરંતુ જશવંતે ધિક્કારીને વિદાય થવું.

પ્ર. ૨ જો–વીરસેનની કચેરી, નગરમાં વ્યાઘ્રએ નુકશાન કરેલું તે બાબત ગાઉંતનું આવવું, વ્યાઘ્ર ન મરેતો બાર વર્ષ વિદેશ જવું એ કરારથી પાનનું બીડું ફેરવવું, ક્ષત્રી ફરજ ધારીને પ્રેમે બીડું ઝડપવું.

પ્ર. ૩ જો છટકેલ સોનકીને ત્યાંથી ધન લેઇ વિદુષકનું નાસવું, સોનકી પ્રત્યે સોનીનો તપાસ, સોનકીની છાપ હલકી હોવાથી સોનીએ નાક કાપી વિદાય થવું

પ્ર. ૪ થો–ભાવી બળે કરી પ્રેમસેનને વ્યાઘ્ર મારવાની સરત ઉતરી જવી ને દુષ્ટ નાયકાના ફંદમાં ફસાઇ મદ્યપાનથી બેભાન થવું પછી નાયકાએ ધનનું અને વસ્ત્રનું હરણ કરીને નાસવું, ત્યારબાદ જશવંતસિંહનું આવવું.

પ્ર. ૫ મો–ઉરવશી તથા સાહેલીનું બાગમાં જવા તૈયારી, વિદુષકની મંગત.

પ્ર. ૬ ઠો–ઉરવશીનું બાગમાં આવવું, દાંભિક ગુરૂ તથા સતિદ્રોહી જાદુગરે સતિપ્રત્યે કાવતરૂ કરવા તૈયારી, સાહેલીઓનું ધિક્કારવું.

પ્ર. ૭ મો–વ્યાઘ્ર ન મરાયાથી પ્રેમનું વિદેશ ગમન, અને જશવંતનું મિત્ર ફરજે જવું.

પ્ર. ૮ મો—જંગલમાં પ્રેમને તૃષા લાગવાથી પાસે દેખાતી ઝાડીમાં જશવંતે પાણી લેવા જવું, રસ્તો ફેરફાર થનો, અને બનેનું વિખુટાપણું થવું.

પ્ર. ૯ મો—જાદુગરે ઉરવશીને પોતીકા પ્રેમે રાખવા સમજાવવું, છેવટ નહિં માન્યાથી કૃરસિંહને સોંપી વેશ્યાવાસ મોકલવા વિચાર, જશવંતસિંહનું પ્રેમસેનાની બાળ અર્થે જોગી વેષે ફરવું.

પ્ર. ૧૦ મો—જહાંગીરશાહની ચઢેલી ખંડણી વીરસેને નહિ આપેલ તેને માટે બાદશાહે ચઢાઇની તૈયારી કરવી.

પ્ર. ૧૧ મો-સિદ્ધ તથા ચેલાનું ભજન, જશવંતની તપાસ માટે પ્રેમનુ આવવું.

પ્ર. ૧૨ મો—વીરસેનની ચઢાઈ માટે તૈયારી, પુત્ર પુત્રીની દીલગીરી.

પ્ર. ૧૩ મો—ઇંદ્રને ઉરવશીના કાવતરાની ખબર મળવી, કાયર સિપાઇનું નાસવું.

પ્ર. ૧૪ મો—સ્થળ રણુસંગ્રામ, બાદશાહની જીત, રાજા રાણી કેદ.

અંક ત્રીજો.

પ્ર. ૧ લો—ગુણિકા આવાસે કૃરસિંહ પાસે જાદુગરે ઉરવશીને સોંપવી, કૃરસિંહે ઉરવશીને સમજાવવી, પ્રેમનુ આવાસે આવી પોતાની બેન ઉરવશીને ઓળખવી, તેમાં કૃરસિંહ સાથે યુદ્ધ થતાં સંતિનું ભાગી જવું, પ્રેમને કૃરસિંહે ફાંસીનો હુકમ આપવો, કામાન્ધ કૃરસિંહે સતિને પકડવા સિપાઇઓ મોકલવા.

પ્ર. ૨ જો-રસિકા તથા અભિમાની કોટવાળનો પાપનો કુંભ શામજીને જાહેર થવો અને કોટવાળને યમપુરીમા પહોંચાડવો, રસિકાનો પુરું પસ્તાવો.

પ્ર. ૩ જો-ચોરોનું ઉરવશી મતે લુંટવા જવું, તે દરમ્યાન ઈંદ્રનું આવવું, બંનેની ઓળખાણ, ઉરવશીના બદલે બીજી સ્ત્રી લેઇ સિપાઇઓએ ક્રુરસિંહને દેખાડવી, છેવટ ક્રુરસિંહે સિપાઇઓને ઠપકો આપવો.

પ્ર. ૪ થો-સોનકીને ત્યાંથી ચોરેલો માલ વિદુષક કચેરીમાં આપવા જાયછે તેવાજ લુંટારાઓનું આવી લુટી જવું, માલનો પસ્તાવો, છોકરાં સાથે ગમ્મત.

પ્ર. ૫ મો-સ્થળ ફાંસી, પ્રેમસેને ફાંસીપર ચઢતાં પ્રભુ પ્રાર્થના કરવી, જશવંતસિંહનું આવવું, ફાંસીથી મુક્ત થવું, બાદ પુંજલી ઢેડણનો ઠગકો.

પ્ર. ૬ ઠો-ઉરવશી તથા પ્રેમસેન, જશવંતસિંહનું ભેગાં થવું, અને માતા પીતાને કેદ કરેલ તે બાતમી મળવી, રણયુદ્ધ કરી છોડાવવા વિચાર.

પ્ર. ૭ મો-કિલ્લામાંથી રાજા રાણીનું છુટું થવું, બાદશાહ સુતો છે તેથી ઈંદ્રવિલાસે તેને કપટથી મારવો, રાજ્ય તાબે કરવાં, ગુરૂ, જાદુગર, તથા ક્રુરસિંહને બોલાવવા મોકલવું.

પ્ર. ૮ મો-નિચ કૃત્યમાં ઉત્સુક થઇ ન ફાવવાથી આખરે ગુરૂ, જાદુગર, અને ક્રુરસિંહનો સંપૂર્ણ પસ્તાવો.

પ્ર. ૯ મો-પ્રેમસેનને રાજ્યાભિષેક કરાવવો, ક્રુરસિંહની પુત્રી રૂપાળીનું લગ્ન પ્રેમસેન સંગાથે કરવું, અને ઉરવશીનું લગ્ન ઈંદ્રવિલાસ સાથે. ગુરૂ, જાદુગર અને ક્રુરસિંહને ઓત્સવનો દિવસ ધારી મુક્ત કરવા. ત્યારબાદ નૃત્ય, છેવટનો આનંદ.

કર્તા.

॥ श्री सत्य प्रभु ॥

ઇદ્રવિલાસ નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર— ૧

અજર અગર જગધર અઘહર હર;
ગવરીવર તારક દીગમ્બર,
શીશ શોભિત વેશ ગંગ ભાસ્ગધર. અ.
કૈલાસપતિ હર કુગતિ (૨)
આપો અખંડીત સુમતિ (૨)
હર ભ્રાન્ત કર શાન્ત હર હર હર હર. અ.

નટી તથા વિદુ— ૨

ધન્ય ધન્ય સતિ અતિ જે, પાળે પતિનું વ્રત;
નેક ટેક છેક દાખી, નવ તજે તે સત. ધ.
આ ધરણી પરે, ઇશ ભક્તિ કરે, તે સત્ય ઠરે,
ભવ નિધિ તરે, અચળ રહે નામ,
..................અરે વાહ વાહ વાહ. ધ.
જાન સુખ જેણે તજી—રાખ્યાં રૂડાં નામ,
પર ઉપકારી પુરૂષને ક્રોડો વાર પ્રણામ.
પ્રણામ પ્રણામ પ્રણામ. ધ.

વિદુષક— ૩

જંગલી જટરે અમે તો જંગલી.
ચતુરની પણ બોલીમાંથી, ચુક કાઢીએ ચટ. અ.
ગુણે કરીને નામ અમારાં, ભૂમાં પડે ઝટ;
જંગલી મોદકાનંદ વિદુષક, ચોથું લાડુભટ. અ.
ગમ સગે જે સાગી બાંધે, કરૂં તેમાં ખટપટ;
દીવાસળી દુરથી મુકી, વેગળો હીંડું હટ. અ.
વિચિત્ર નાગને કામછે મારૂં, પેરૂં, વિચિત્ર પોપક;
વિચિત્ર વાણી વિદુષકની, હસાવું લોક અથાક. અ.

ઉરવશી— ૪

સખી સેજ પથારીમાં હું સેજસુતી ત્રી,
આજે મંદમંદ વાયુની લ્હેરો વાતી'તી,
આવ્યા પ્રેમકિશોર, એની ઝડપજ ઓર. સખી.
ચપળ નગન એની-વસી મારા હૃદયે એ'ની,
કામ જ્વાળ લાગી તેની, કોડીલાઓ શુદ્ધ બુદ્ધ.
મારો ભમાવી, પ્રેમી લાલે મારી આ પ્રેમ કટારી. સખી.

ઉર. સખી.— ૫

યોવન તરૂએ લચકેલી એ'ની સાહેલી;
ચુપ થારે—ઝગઝરે—વાવારે—હાંહાંરે.
રહી વસી દીલમાં નાજુક છબી અલબેલી.
રસ ચાખો—ભલે ભાખો—સુખ સાંખો—રીત રાખો,
પ્રેમ વિચારે મુગ્ધ બની ગઇ ઘેલી.

ગુરૂ— ૬

શિવહર (૨) શિવ (૩) શિવહર (૨) શિવ શિવ હર;
હાથમાં માળા પેટમાં લાળા, હરઘડી ખિસ્સાં ભર ભર ભર
દંભી બનીને આજે કાલે, સત્ય બતાવું છું ઝટપટ;
સુંદર નારી જ્યાં ત્યાં નિરખું, છુમંતરથી કરૂ લટપટ.
આડાં ઊભાં ટીલાં ખેંચી, ભસ્મ ધારી થઉં રળિયાત;
તુંહીં તુંહીં સમરૂં (૨) તુંહીં તુંહીં સમરૂં દિનને રાત.

ઉરવશી— ૭

મન શાને તું હરખાયરે, જરી તારી નિહાળી જોને કાયા;
કાયા તારી આ કુંભ કાચાની, સમજ સમજ મન માંહી;
ઘડીમાં તારી જાશે જુવાની, છેવટ છે ધુળધાણીરે. જ
પાર પામ્યા નહિં પ્રભુનો મનવા, મોટા મોટા મુનીજન;
તો શી ગતિ તારી પામર પ્રાણી, હરી ભજનનું લે જાણીરે. જ.
માયા ફુંપદ ને મમતા ખોટી, ખોટાં છે માનેરે બાપ;
તે તું સમજે છે મનવા સાચું, દુનિયાં દીસે પાની પાનીરે. જ.

દરબારીઓ— ૮

જય જય જય થાઓ વીરસેનનો;
અખંડ રાજ (૨) તમ તણું રહો,
સુ.......ખ.........વૃ......દ્ધિ
યશ આપજો, કષ્ટ કાપજો. જય.

વારાંગના— ૯

નાદિર દર તુમ દિર દર દર દર તાદીમ,
તનનનમપ, નીધપમ, ધપમગ, પમ ગરીસા. ના.

જુગ જુગ રાજ કરો તુગ ભગપર, સૂર્ય ચંદ્રસમ
કિર્તિ હોવે, ધાધા કીટ કીટ (૨) ધા, ધા,
ધાધા કીટકીટ (૨) ધા ધાધા કીટકીટ ધા,
ધાધા કીટ કીટ નીધપગ, ધપગગ, પગગરીસા. ના.

વિદુષક— ૧૦

શણગાર સુણો મુજ નારના.
ચટપટ ચાલી ધોકો ઝાલી, મારવાને ધાય,
ચુપકીથી હું ત્યાંથી ચાલી, તરત થઈ વિદાય,
કેવી મઝા પડે ને મારવાને તડે ને બંદા નવ જડે ને,
રાંડ બડબડે, વખાણ કરૂં શું વ્હાલનાં. શ.
લાહ્ય બળે નિત અંતરમાં પણ, બા'ર નહિ બોલાય,
બાયડી ભુંડી મળી છે મુને, દાઝ કેમ હોલાય,
દુ:ખ સિંધુ ભારી ને કર્મે છે જારી ને નાસતા ન બારીને,
થાકી રહ્યો હારી, બંદા ફંદામાં ફસ્યા જાળના. શ.

ગુરૂ, કુંવર— ૧૧

જાઓ થાઓ વેગે વેલા, રહેજો પરનારીરે;
ગુરૂ આજ કાજ કીધું, થાઉછું ઉપકારીરે.
ભેળવી છે માનુનીએ, અનંત ઉપાયેરે;
જ્યાંસુધી હું જીવિત છું, પ્રભુ થાશે સહાયેરે.

ઇંદ્રવિલાસ— ૧૨

અરરર (૪) આવી ચડયો આંય ક્યાંય,
પૂર દૂર માહરૂં ને સ્વાર ક્યાં રહ્યા,
વિકટ જંગલમાં અરીએ શસ્ત્રે પ્રાણ લહ્યા. અ.

૧૭૭૪ (૧૧)

ઉર સખી— ૧૩

સૌ મળી દરશન કરીએ.

પ્રેમ ધરી જો પૂજન કરીએ, તો ભવ નિધિથી તરીએ,

શરણુંગતને સ્હાયજ આપો, દીન બાળકનાં દુ:ખજ કાપો,

સત્યના પાળક ભોળા શંભુ, નામ સદા ઉચ્ચરીએ.

ઇંદ્રવિલાસ— ૧૪

વાહરે વિધાતા વાહરે તને ધન્ય તને ધન્ય લાખો ધન્યછે.

શર્દરૂતુના ઈંદુ સરખી, ઓપતી ગુણવંત છે (૩)

પ્રેમ તણી પ્યારી, વાટ જુવે દારી, વ્હાલા વિલારી

ની હાં......................હોંશ ભરી(૩) વાહ.

જાણી બધી તારી, ચાતુરી તો ખરી, આવે હર્ષ ભરી

હાં........પ્યારી મારી, વ્હાલી મારી, ભાગ્યવાળી. વાહ.

ઉર, સખી— ૧૫

ગુણીઅલ નટવર તારીરે, ઝંખના નિશદિન કરૂં હું હૃદયમાં,

છબી તારી લાગે સારી સારીરે. ઝંખના.

ઝંખના નીશદીન કરૂં હું હૃદયમાં, ચેન લવલેશ નહિ પડે મુજ તનમાં;

સાખી. વાલમજી કયાં જઈ વસ્યા, તજી મનહર આ નાર;

અળગી કરી હું એકલી, શીદને પ્રાણાધાર.

આવો આવો રસિયાજી શીદને દમો,

પ્રિત તોડી ગયા છેલ કાં તમે ભમો.

સાખી. વાડી ખીલી બાગની, પુષ્પ થયાં તૈયાર;

સુગંધી પરખી લીયો, યોવનના શણગાર.

પ્યારા પુરો આશ તમે મારીરે, નિ:શંક સદા રહુ આનંદમાં. ગુ.

સાખી. કંથ કંથ સમરી સદા, કરીયું કૃશ વદંન,
કામ દમે છે અંગમાં, શીતળ કરો અગંન,
લટકાળા લટકે આવી મળોને, વાટ નિત્ય જોઉં તમારી;
પ્રાણ વિના પિયુ પંખી ન બોલે, દાદ દાસીની લીયો સ્વીકારી. ગુ.

ઉરવશી— ૧૬

સ્વજોડ વિના સુંદરી, નવ શોભતી જરી;
ઇંદુ વિના રેન જેમ, શ્યામતા ભરી.
સાખી. સુંદર બાગ શરીરનો, ખીલ્યો છે નવરંગ;
આગ ફુંવારા ઉડતા, માળી જ્યાં યે અનંગ.
ઝરમર ઝરમર મેહુલો વરસે, મોર કરે ટોકાર;
વાંસલડી મધુર તની આ, લાગે તીરની ધાર.
સાખી. આ અંધારી રાતડી, હું એકલડી નાર;
નિંદ્રા ન મળે નેણુમાં, ક્યાં પોઢયા ભરથાર;
કંથ વિજોગી કામનીના, ભીતર બાડકે લ્હાય. સ્વ.

ઉર. ઇંદ્ર— ૧૭

ચાલો સગે જીવન મારા (૨) નહિ જ.
આ સમયે નવ કર ચાળા (૨) એમ થાય કે?
પ્રેમના પ્યારા, મોહન મારા, થાઓ ન ન્યારા, આપનો
માનું આભાર આભાર, મેં મારી ક્ષત્રોની ફરજ બજાવી છે
ઊતરો આભાર એ કેવી રીત,
પ્રિતમ પ્રિતમાં પલળાવો (૨) પ્રિય પ્યારી કહીને બોલાવો;
શું અનંગ વ્યાધિનો છેડો આવ્યો ? હા.
હર્ષે......મળીયાં,......દુઃખ સૌ......ટળીઆં.

વ્હાલી રસીની ગળી સુજાણ (૨), કાર્યું કાળજાનું ગાર્યું બાણ.
આપ સ્વાધિન હું છું દાસ, ચાલો સંગે.

૧૮.

વાલા અલબેલી થાઓ શું ઘેલી, વેલી નવેલી છોડ હાથ આ?
રંભા રૂપાળી જોબનવાળી, એકલી મુકીને જાઓ આપ ક્યાં?
[ત્યારે શું મને નથી જવા દેવા!]
ચિત્ત ચતુરનું લીધું છે ચોરી, ઠગો ઠગારા શું પ્રિતમાં?
કામણગારી વ્હાલી તું મારી, જરા સમજ તું રિતમાં?
[હાં સમજી છું ફોસલાવીને જવું હશે.]
ભાવતું ભોજન હવેરે પી સ્યું,
જાએ કદી આ બાલેને શીરશું. ભાવ.
વાક્ય રસાલ સુણી તમ પ્યારી, મારી મુજને હૃદય કટારી;
કન્તિ ઈંદુસમ છે તારી, પ્યારા તમપર જાઉં વારી;
શાણી નવોઢા પ્રિત હવે દાખવી, જાઓ સખીના સંગાથમાં?
જશો શું હાય આમ છોડી છબિલા, આવું હું આપની સાથમાં?

વિદુ. બાપુડી— ૧૯

મારી લાડકડી કોયલડી શાને મ્હો મરડી તું રુંકી;
પ્યારી પ્રેમની કટારી મારી, જાય કાં તું મુકી.
બોલોછો શાને બોલ રે હો બાવળીયાજી,
પાણીથી પાતળી થૈ પ્રાણરે હો પાતળીયાજી.
[વારૂ એતો મશ્કરી] ઊં ઊં ઊં ઊં રહેવાદોને,
રહેવા દેતાં જાવા દોને, રે હઠીલી નારી, રે છબીલી નારીરે. મા.

વિરસેન }
વારમતી } ૨૦

પધારોજી પ્રાણાધાર, હરી પ્યારી તુગ દર્શની;
રંગીલી રસિલી નાર, ભેટું હદ્દ્ય લઇ હર્ષથી.
સૌભગવતી છો પ્યારી, આ વિચારો શાને નારી;
ગૌરી છો તું ગુણ ખાણ, છત્રપતિકોજી ભાણુ;
સદા સોપ્યું આ તન મન ધન સંગાથ, તરૂવર વેલી પેઠે
ભીડો બાથ, વારી વિણ ક્ષણે સુગયે નાથ, વાહ વાહરે;
આ..............માર્યું પ્રેમનું તેં બાણુ, હાહારે;
આ..............ઘેલી ભુલી શુદ્ધ શાન. હારી.

વીરમતી— ૨૧

સુતવિણુ જનનીને સરવે શૂન્ય ભાસે;
જ્યમ ઘર અજવાળું, દિપ વિના વિકાસે.
નૃપતિ વિહિન જેની, શોભિતી છે સવારી;
તનુજ વિના જાણું હું. સરવે દુઃખકારી.

અભીમાની— ૨૨

લીધું છે કોટવાળું હવે નથી કાંઇ ભાર વાવા! વાવા!
ફરીને જો નિહાળું, ગણે તસ્કર પોબાર વાવા! વાવા!
સુંદર મનહર કાન્તિછું વાન, નાગ મારૂં જગમાં અભિમાન;
ગાણીસ ગોજું થઇ ગુલતાન,
છકગ છક્કા બંદા પક્કા સરવે કરશે વાહ વાહ વાહ. લી.

ટીકલો— ૨૩

કરેછે માનવ જે અભિમાન, પલકમાં નાસતીરે;
ધરે છે નીશ દિન હુંપદ ધ્યાન, ઘડીમાં ભાગતીરે.

ઘડીમાં ભાગતીરે—ગઇ નથી આવતીરે. કરે.
ઘડીએક જીવવું ઘડીએક મરવું, મુસાફરી દિન બેય જો;
પળમાં રંકજ પળમાં રાજા, કરવા શા અભિમાન ઝાઝા;
રાજા રાવણને ન છાજ્યા, આખિર નર સંહાર. કરે.
ખાલી જવું જનગી જગે, લાવ્યા નહિ કંઇ સાથમાં;
એક નામ સાચુ શ્રીહરી છે, પાપ પુણ્યજ હાથમાં.

વીરસેન— ૨૪

રે'મ કર મુજપર તું ઇશ્વરી, સદા દાસ તારો વદે કરગરી;
ભવાની ભજુંછું હું ભાવે કરી, સ્તુતિ ધારી વિઘ્નો તું લેજે હરી.
જલ સ્થલમાં મામ તારો મુકામ, તુજવિણ જાણુંછું ખોટું તમામ;
કરે રે'મ કૃપાળુ દાનેશ્વરી, પુત્ર દાન દીયોને પરમેશ્વરી.

દેવી— ૨૫

ધીર ધર વીરસેન રાજા, સત્ય કહું છું પુત્ર થશે તુજને;
ચિંતા દુર ધારી જા, પ્રેમ રટણ કરજે તું મુજને.

વીરસેન— ૨૬

દયા કરી માતાજી આજ મુજપર,
દર્શ દઇ પાવન કીધો, આજ મારૂં દુઃખ હર્યું;
અહાહાહા! પુત્ર દાન દીધું હર્ષભર. કરી.
ઉમંગ ઉરે ન માય એવી તેં કીધી કૃપાય,
દાસને તું થઇ સ્હાય અશરણશર્ણ. કરી.

કૂરસિંહ— ૨૭

હરૂં ક્ષણમાં પ્યારીરે.
બાહુ બળ દેખાડું મારૂં, મોજ માણવા ઉમંગ ધારૂં;

મોજ મોજ મોજ માણું રસિલીની સાથ;
પ્યારી રસિલીને લઈ ભીડું પ્રેમ બાથ. હરૂં.

શામજી— ૨૮

હાય આ સ્થિતિ શી મારી (૨)
મૈન્ય રહીને દર્દ છુપાવું, એ બહુ લાચારી.
પડ્યું સંકટ શીર મારે, પડયો હું દારૂણ દુઃખ આરે;
લાજ રાખજે ઇશ કૃપાળુ, નથી બગના બારી.
થયાં વર્ષ મુને ભારી, સુંદરી મળી મને સારી;
પ્રિત ધરીને કરે ચાકરી, પ્રાણુ પ્રિયા મારી.

વૈદ્યરાજ— ૨૯

સાંભળો સાહેબ મારા મુખથી, વૈદ્યરાજની વાણી;
નથી નગ્રમાં પ્રાણુહરણ કો, આવ્યો તે હું જાણી.
વૈદક જાણું સત્તર આના, નહિ મારામાં ખામી;
જો કદી બીમાર બેઠો થાયતો, હું કરૂં બદનામી.
આફ્રરા ઉપર આસાળીઓ ને, આમ વાયુપર અરણી;
ત્રિદોષ ઉપર તલ્ર ખવરાવી, નાર રંડાવું પરણી.
આદુ ઉપર ખટરસ નાખી, ગરમાળાની ગોળી;
નિરોગીની નાડ ઝાલું તો, દેખે નહિ એ હોળી.

રસિકા અભિ— ૩૦

પધારો પ્રિય રંગે રમવા પિયુ પ્રાણુ.
પ્રાણુજીવન પ્યારા ચિત્ત હરનારા, મારો નયન કાં બાણુ. પ.
તુજ તન વનમાં મમ મન મૃગલું, અંધ થઇગયું અજાણુ. પ.
રંગના રસિયા રંગે ભીંજાવો, કુરબાન આ દીલજાન. પ.

ખાન પાન ગુણ ગાન સુઝે નહિ, ભુરકી નાંખી નીરવાણુ, પ.
તુમ દરશનથી આજે આ મારૂં, શીતળ થયું છે તન. પ.

રસિકા. ટીકલો, અભિમાની. } ૩૧

નથી વાંક (૩) હાય મારો મને નહીં આગ,
ચુપ લુચ્ચાજી અહીં મિત્રજી, કર નહિ ઝાઝી બસ;
ચુપળીથી ચાલ્યો જા નહીંતો, માર પડશે મસ.
એ ભૂલ્યો ભાઈસાહેબ.
ઓય બાપરે માર પડ્યોરે, ધાટ ઘડ્યો આ અધધધધ;
ભોગ મળ્યા ભાઇ ભાગું અહીંથી, મરશું નકામું અરરરર.

અંક બીજો.

પ્રેમસેન— ૩૨

થાએ શ્રીહરી શી ગતિ.
ઝબક ઝબક મમ હૃદયજ ઝબકે, ફરીગઇ મુંજ મતિ.
ચરરર ચરચર કપોત પક્ષી, બોલે આ રે અતિ.
ફરરર ફરફર નયનજ ફરકે, વામ નેત્રે નકિ.

પ્રેમ. જશ— ૩૩

દોસ્તદાર જગતમાંહી, સાચું મિત્ર છે રતન.
રતન આ સમજી શકે તો, રાખવામાં સારછે;
બાકી સરવે અક્કલ વિણુ, અંધ તે ગમારછે. દો.

મિત્ર ફરજ એજ છે કે, દુઃખ સુખ ભાગી છે;
સ્હાય કરે પ્રિત દાખે ગત એ હું રાગી છે. દો.

જશવંત— ૩૪

ધીરજ ધર (૨) દોસ્ત મારા દીલનાં ડર;
પાપ તાપ કાપશે, નિશ્ચરાય રે સહાય,
રંક હોય રાય હોય, પામે તે અદલ ન્યાય;
ઇશની ગતિ અતિનો, પાર પામે નહિ લગાર.

ચતુર. જશ— ૩૫

કયાં જાઓ હૈયાના હાર, આવીછું આપની નાર હું;
છોડ લુચ્ચી અરે આ વાર, મારથી કાઢીશ સાર શું.
વાહ રૂપાળા, છો છોગાળા, જુવો યોવનનો રંગ;
પ્યારા મારા પડયો છે આજે પ્રસંગ. જાઓ.
મોહનજી મતવાલા લાલા, ચોર્યું ચિતડું મારૂં આજ;
રસિયાજી રસરગ ભિંજાવો, પ્યારા પ્રિતમ મારે કાજ.
જાણ્યું જાણ્યું !
જાણ્યું જાણ્યું જા અહીંઆંથી, મુખ મલકાવી બોલી;
તારી સંગે જે જન ચઢશે, તરત લેશે ઝોળી;
ફાટી દુર થા (૨) જાઓ.

જશવંત— ૩૬

જા, જા, જા, દુષ્ટણી શંખણી પાપણી સાપણી,
અડકતાં પડું નર્કને દ્વાર,
નેન નચાવે મોં મલકાવે, ફંદે ફસાવે નિર્લજ નાર. જા.
કરે પ્યાર જન હજાર, ધરા કેમ સહે ભાર;

પ્રેમ મૂળ જગ લૂણુ, વિના સહુ ધુળ ધુળ;
ભલે ફરે ઘર ઘર કદી જો, મળશે નહિ મુજસમ કોઈ નાર. ગગો.

દરબારીઓ— ૩૭

શાબાસ (૩) શુરાની આશાએ,
ધણી ધરણીને દુષ્ટને કરો ઠાર ઠાર.
રાખ્યો છે ક્ષત્રી ટેક, હણવા વ્યાઘ્રજ એક;
ઉડાવી ફુલને, ગગનથી કુળને, પહોંચાડો નૃપની આશ.

સોનકી— ૩૮

હું છું સોનકી સટાક, ગાઉં રંગીલું નાગ;
કરૂં કડ કડ કડાક, કાવા દાવાના કાગ,
જરા મલકાવી ગાલ, કરૂં સૌને પાયમાલ,
ચલુ ચમકતી ચાલ, પે'રી ઝુમણાં ને છાલ,
કરૂં નિત્ય નવા યાર, જુવો કેવી હુંશિયાર,
નાક કાપું-કાન કાપું-ખુશી થઇને રજા આપું,
કેવી છટાક.

સોનકી, છોકરો. વિદુષક. ૩૯

ખરે પૈસે મને તો ફસાવી, નાક વિના બેહાલ બનાવી;
બા ક્યારે-અત્યારે પાપ ઘડો ફુટ્યો ત્યારે જર ઝેર
આવ્યો આડે, કર્મ રેખાથી નસાડે, મુક્ય વાત તું વિસારે,
ચુપ કર, ધીર ધર, ભાવે ભજ શીવહર, સાય થશે ગઢીધર,
બળ્યું ગાઉં જીવતર, જોર હતું જર પર, લડી મરો નહીં.
સિપાઇ આવે ચુપ? ચુપ? ચુપ? દામે કીધી ખ્વાર (૩)
માડી જોયો સાર (૩) એ કામ તારા બાપનું ધન ગયું,
આપનું હાથ હાયરે નાક કદી, બાઉ વાહરે બીર રાદી.

ચતુરકળા— ૪૦

કામ કટાક્ષે લુબ્ધ બનાવુ, જોબનમાં જલકાવું;
વળી બતાવું ચાલતાં ચાલતાં (૨)
જાદુવાળી કહેવાઉ જોબનમાં મલકાવું.
કળથી બળથી કરવું કામ, ધીરજ ધારી ચિત્ત,
લટકે ચટકે રીઝવી એને..................
.......................સ્ત્રી ચરિત્ર જણાવું. કામ

ઉર. સખી— ૪૧

સૌ શાણી સખીઓ ચાલોરે' પ્રિતે ફરવા બાગમાંરે.
આનંદે સૌ મ્હાલોરે, સહુએ મળી સાથમાંરે.
સ્તવન કરો સૌ ચિત્તથીને, ગાઓ પ્રભુની પાસરે બેની.
ભવસાગર જે સેંજે તરીએ, ઉપજે અંગ ઉલ્લાસ.

વિદુષક— ૪૨

ફર્યો ઠામ ઠામ ઠામ મોદક મળે નહિ ક્યાંઇ:
મોટું કામ કામ કામ એ વિણુ ગમે નહિ ભાઈ.
જોઇએ નિત્યે, ખાવા પ્રિતે, સારી રીતે, એકજ ચિત્તે,
અતર મારૂ, ઠરેજ સારૂં ચડપ—ઝડપ...સડપ. ફ.
યજમાન શોધી મળે જો ઝાઝા. લાડુ ઝપટી થાઉં તાજા,
પછી બદામ થાઓ રાજા, તરત—તરત—તરત. ૫.
ખાધું પચાવું લડવા જાવું માર પડેકે, તુરત આવું,
ઘરમાં સૌનું માથું કુટાવું, ધડાક—ફડાક— કડાક. ફ.

ઉર. સખી— ૪૩

જુઓ બેની આ વૃક્ષની લતા ઝુકીરે રહી;
ફર ફર કરતી વાયુની લહેરો, આવીરે રહી.

ગુલમેદી ગુલદાવદી, કેતકી ને ગુલજાર;
જાઇ જુઈ ચંબેલી ને, ચપાતણો નહિ પારરે.
કીર કપોત ને મયુર વળી, દાદુર મેનાં સાથ;
ચાતક હરિઅલ પક્ષીઓ તો, કરે કલેલી આપરે.

જાદુગર-- ૪૪

નથી નથી જોઇ મેં આ અવનીમાં, રંભા રૂપાળી આવી કોઇ;
વદન ભ્રગુટી કટી કરણ કર, નિરખી આજે શુદ્ધબુદ્ધ ખોઇ.
હાર હીરા સમ દંત છે પંકિત. ચંચ નાશિકા શુક જાણે;
વેણી થકી જો વાસુકી લાજે, ચાલે ગજની પરમાણે.
બાહુ આંગળી મગ તણી ફળીઓ, ચરણુ એડીઓ નારંગી;
સૃંગાર શોભે શાણી નવોઢા, સજી થયાં છે ઉગંગી.
ચપકવરણી દીલ મનહરણી, લાગ્યું મુજને તારૂં ધ્યાન;
દીલપરી કે ગુલપરી કે, ઉરવશી શું આપું માન.

ઉર, સખી, જાદુગર— ૪૫

દુરજન દુરજન પાપી તું ચંડાળ, ન્હોય ક્ષાત્રી તણોરે તું બાળ.
કરો ગર્વ નકામો શું, પાપી નીચ તું, અહિથી ખસ તું-બકેછે આ શું. દુ.
લલિતા તારી લગની લાગી, સતી સતાવમાં જન જન ભાગી;
[બસ કરો સ્વાધીન થાઓ? પાપીષ્ટ હજુ સમજ્યો નહિ]
લે વ્યભિચારી આવ્યો તું કાળ. દુરજન.

ઉરવસી— ૪૬

અહો દીનનાદયાળ, કરજોડી વદે બાળ, રાખો સતીની આજેરે લાજ;
હાય શા થશેરે હાલ, રોમે રોમે પ્રગટે છે ઝાળ. અહો.
સ્હાય કીધી તમ ભુધરા-પુર્યાં દ્રૌપદી ચીર,

સુપનાના કઠ્ઠા ઉગાર્યા—સ્થંભે પ્રહલ્લાદ વીર,
તેવી રીતે મારીરે સંભાળ, દાદ સુણીને ઉર કરો ખ્યાલ.

પ્રેમસેન— ૪૭

જાવું છું તજી દેશ વિદેશ આજે, વિશ્વ પાલક હરી;
ત્રાતા ત્રાતા ગણું શરણું તારૂં, રાખું ચિત્તે હું ધરી.
કષ્ટે મુજને સા'ય સદાય થાજો, એવી કરૂં યાચના;
સુખદાતા અશરણુ શરણ વંદુ, બેલી પ્રભુ સાચના.

જશવંત— ૪૮

અરે મિત્ર પ્યારા ન જા મુકી તું, ક્ષણું એક તમવિણ હું નહિ રહું;
ભલે મારે ઠ.ર અરે વાર આ, નહિતો મને તારી સંગ લેઈ જા.
વિયોગી થઇ હાય હું શું કરૂં, અહોનીશ દિન હું ઝુરી મરૂં;
મીન જેમ વરિથી અળગું ન રહે, તેવી રીતે પ્યારા મને હા કહે.

પ્રેમ. જશ. ૪૯

મિત્ર જળ વિણુ આજે કંઠ સુકાય.
કંઠ સુકાયે પ્રાણજ જાયે, પ્રાણજ જાએ હાનીજ થાય. મિત્ર.
વૃક્ષ નીચે વિશ્રામ કરૂં જઇ, નિંદ્રા આ.વિન કાંઇ થવાય.
ધર ધીરજ ધીરજ જલ્દી જાઉં, જલ્દી જાઉં ભાઈ પાણી પાઉં. ધર.

ઉર. જાદુ— ૫૦

કરે તું આ મન સારૂં, વિચારી જો મનમાં,
સાંભળ મારી તું વાત
જક નહિ કરવી, સુંદરી તારે, આવ જરા મુજ પાસે,
ચુંબન પ્રેમે કરવા દે તું, નહિંતો વિજો મારો જાસે;
તો કાક મુખથી બોલાશે. સાં.
હુતો નથી કાંઇ જેવી ને તેવી, મોટા નૃપ છું બાળ,
તે માટે હઠીલાઇ છોડો, સમજને કાંઇક મન,
કરે કાં મુજને દહન. સાં.

જશવંત— ૫૧

વ્હાલાના વિયોગથી ગઈ ઝુરી ઝુરી;
હાય મારી સ્થિતિ આ, થઇ બુરી બુરી.
દિન જાય વર્ષ સમ, ગો હરી હરી;
દાસ દાદ દીલ દાખ, ફરી ફરી ફરી.
પ્રિય સખા બાળ હે, ત્યારે ટકે દેહ;
નહિં તો તજું પ્રાણ ગમ, તેમાં નહિ સંદેહ.
શોધ તેની સઘતાથી, કરૂં ચાકરી,
દાસ દાદ દીલ દાખ, ફરી ફરી ફરી.

વારંગના— ૫૨

સખ સુનો સાવરીઆં ફુટી ગગરી;
ફુટી ગગરીરે સૈયાં, પનીયાંસેં ભિંજ ગૈયાં. સુનો.
પનીયાં મેં ભરતી વાં, નાથ મેરે ગીલ ગે;
ઝપટસેં નાઠ આઇ, ફુટી ગગરી. સુનો.
સણગાર મેરે સબ, હરદમ ભિંજગયે;
નૈને નિંદ નહિ આતે, લચી કમરી. સુનો.

જહાંગીરશાહ— ૫૩

હો જાગો તૈયાર સબ સુરા સરદાર,
ભાલા બરછી હાત ગ્રો, દુશ્મનકા ખુન ચખો;
બેગાનકા જુલ્મ હગે બેસુમાર.
જલ્દ માર તલવાર જીંદગી જાને ન પાઈ;
મદદગાર હે પરવર દીગાર.

વિદુષક— ૫૪

આશક હુવા કાજી આશક હુવા, રંડી લાલાસગેં આશક.
કાજીકું તો બાબી ચૈયે, કાજની સેં સ્યાગ;
ચો પગાળી પુંછવાળી, ગદ્ધિકા કાગ. આશક.
મેશ જેરી દાઢીમાં, બદન હે પેઠ;

કાન લગે પાવડા, પાજ જેસા હોઇ. આશક.
કાજી કે કાયદે મેં, બીન ગુન્હે ઠાર;
ગમ્ખી મારે ઉસકું, ફાંસી દેનાર. આશક.

સિદ્ધ તથા ચેલા— ૫૫

માયાના કરનારા મનવા, ખટપટ તજ તું તારીરેજી;
દુનિયાં સમજે મારી મારી, આખર નહિ તે તારીરેજી.
માત પિતા યા ભ્રાતા ભગિનિ, મિત્ર અને ઘર નારી;
કુટુંબ કબિલો સરવે સ્વાર્થી, પૈસા કાજે ભારીરેજી.
ચાર દિવસના સુખને માટે, શિદ બને અભિમાની;
જામ છુટે જો આતસબાજી, તેની આ નિશાનીરેજી.
ભાવે ભગવન ભજ તું ભુંડા, સુકૃત કરી લે સાથે,
વિચાર માં કર મનવા તુંનો, કાળ ભમેછે માથેરેજી.
સાચી શિક્ષા ઉર ઉતારી, ચતુર ચેતી લેજે;
પ્રભુ પ્રતાપે ભણું હું મુખથી, તરીશ ભવજળ સેજેરેજી.

પ્રેમસેન— ૫૬

રાન તન થયો ઘણો હેરાન, રાન હું થયો.
જોઇ મેં રાનો રાન. રાય.
આસપાસની ગિરિ ગુફાઓ, શોધી વળ્યો સૌ ઠામ;
તોપણ પત્તો ન મળ્યો પ્યારાનો, હારી ગયોછું હામ. રાય.
કેની હશે સ્થિતિ તારીરે મિત્ર, રે મમ પ્રાણ આધાર;
સંકટ સમયે વિયોગ તારો, અંગે બળે અંગાર. રાય.
ગતિ અજબ છે વિધિ તારી, કોથી નવ કળાય;
ક્ષણમાં રાય ક્ષણમા રંકજ, ઓવીજ તુજ લીલાય. રાય.
દીન દાસની દાદ સ્વિકારી. ભાળ દે તું સુજાણ;
જ્યાં હોય ત્યાં જઈ નિરખું તેને, નહિતો તજું મમ પ્રાણ. રાય.

૫૭

કરૂં વિનતી સુણો રવિ રાય, કરો કૃપાય તો સુખ થાય;
હતો મિત્ર માહરો પ્યારો, થયો મુજથી ક્ષણે ન્યારો.
ખરો ક્ષત્રી તણો હું તન, ધર્મે કરગે પડ્યું શીર વન;
ભલે તેથી ન ડરનારો, બતાવો મિત્ર મમ પ્યારો.

વીરસેન— ૫૮

શુરાના સરદાર બાંધો, અરી કટી તાણી તાણી;
કરમાં લ્યો હથિયાર, મ્લેચ્છો તણું કરો પાણી પાણી.
પામર શું જીતે પ્રાણી, પીધું પય રજપૂતાણી;
મારો કાપો તોડો ફોડો, અરી કરો ધુળધાણી.

ઇંદ્રવિલાસ— ૫૯

મારૂં ઠાર (૩) જુલમના કરનારને અસી ગ્રહી મારૂં ઠાર,
પાપીને પહોંચાડું પળમાંહી યમ દ્વાર.
બાળ પ્રિયા કાઢી લાવું, બીજ સ્થાન ઝટ આવું,
ખરો ક્ષત્રી સુત કા'વું, માત તાતને દીપાવું;
છે અરી તૈયાર, હરી સાક્ષકાર. મારૂં.

વાઘજી— ૬૦

યુદ્ધમાં કેમ જવાય,
ધ્રુજે કાય, ના ખમાય, શીર જાય, હાય હાય.
અધધધ સૈન્ય જોઇ ધ્રુજી મરૂં, લડવા જાઉં તો હેઠો પડું;
હાય હાય રોગ રોગ લાગે છે લાય.

લશ્કર— ૬૧

સબ આદમ હરદમ ભર કદમ કદમ કદમ,
જખમ દુશ્મન કરો અપાર, બદનસેં સબ,
રહો હુશિયાર, તકી ગોળી કરેગા ઠાર,

યહ આદમ હુંશિયાર, યહી રણના યાર (૨)
મૌલા જબાનસેં યાદ કર્કે ઝુકાપડી રખ્ખો દમ.

અંક ત્રીજો.

ઉર ફૂર—

૬૨

શાને શાને (૩) રીસાયે શાણીહો,
મારી પ્યારી રસિલી મન માની.
મુખ તારૂં જે આ કરમાયે, પેખીને મારૂં હૃદય મુઝાયે;
વાલા વાલા (૩) નાદાની દાખવે કાં;
ફરી ફરી દીલજાની. હો વહાલી ફરી.
સનમુખ તારી ઊભો હજુરમા, તોપણ તણાયે મીજાજ પુરમાં;
જારે જાજન (૩) છટ દૂર હત્યાગારે;
નીચ નફટ વદે શું વાણી. અરે નીચ નફટ.

૬૩

જાજા અરે દુરાચારી જરા પામને લાચારી,
ફટ ફટ વ્યભિચારી, પાપી બોલ તું વિચારી,
નિશ્ચે તારી કરૂં ખ્વારી, અસી લઉં ધીરધારી. અરે દુ૦.
કરે તું ઉપાય અતિ, સતિ નહિ ચળે રતિ,
જાણ મન મુઢ મતિ સતિને તો એક પતિ, લાગે બોલ બાણ ઘાય,
આભ રસાતાળ જાય, હંસ પીવા વારી જાય,
પશ્ચિમ ઉદય રવિ થાય, ટેક નહિ તજું મારી. અરે દુરા.
ચિત્ત લીધું મારૂં હરી, કેમ બેસી જાય ફરી,
કહ્યું માન મુજ જરી, હું તો તને ચુકયો વરી,

દેને મધુરી તું પ્યાર, હવે લાગીને અપાર,
તક નહિ મળનાર, બાટ મમ પ્રાણાધાર,
વારે વારા ઓ પ્યારી   અરે દુરા.
આગ શિર જુલમ કરે, દયા નહિ ઉર ધરે,
ધટે નહિ તને ખરે, અભિમાન ગારૂં કરે,
પાપે ભર્યો પુર પુર, કેમ બનો ક્રૂર ક્રૂર,
જોબન આલીશા તું અસુર, ખોયું ખર અંગ નુર,
આખેર થાશે ખુવારી.   અરે દુરા.

પ્રેમ ક્રૂર—   ૬૪

મરકટ લંપટ નફ્ટ, તારૂં, કપટ ઝટપટ જાણ્યું ન કાંઇ,
દુર હઠ——ઓ નફ્ટ——જા શઠ——ખસ ખસ,
ખસ કર ખસ કર થોભ ન આંઇ.   મરકટ.
ચંડાલ કંગાલ હીણા તું હીજડા. વિણ અપરાધે કેદ કરે;
સમીપ——આવીજા——અરાથી——હડીજા.
નર ખર ઉર ધર વાત દીલ લહો.   મરકટ.

રસિકા. અભિ——   ૬૫

ધીર ધીરે ધીરે આવોને સ્વામી,
સુખ પામી, દુઃખ વામી, વામી (૩) રે.
દીલજાની તમે ચાલો, ચિંતા ટાળો પતિ મ્હાલો;
વાહરે મનહર નામીરે.

શામજી—   ૬૬

મોઢે મીઠું મીઠું તું બોલનાર, નઠારી નારી તું તો મળીરે;
ફટ ફટ તને છે ધિક્કાર નઠારી
નિચ સાથ પ્યાર કરે ચંડાળ, ન તને જોઇ પ્રગટે મને ઝાળ. ન.
ભોળા જનને ભમાવે આમ તેમ ન ખોટો જોયો આજ મેં તારો પ્રેમ. ન.
અસી ચકી હણું તારા હું પ્રાણ ન સ્ત્રીહત્યાની દયા આવે નીરવાણ. ન.
કુળ કલંકીન કીધું આજ, ન. દુષ્ટા નાવી તને કાંઇ લાજ. ન.
મુજ સનમુખથી રહે દૂર, ન. બની વિષયાંધ ચકચૂર. ન.

રસિકા-- ૬૭

વ્યભિચારે નહિ સાર જગતમાં, અંતે થાવું જે ખ્વાર.
પ્રથમ પ્રિતિ સારી લાગે, પછીથી દુઃખના માર:
સહુ સુણો બેના હાં હા.........અહણ કરો સુજ્ઞ સાર.

ચોરલોક-- ૬૮

કરમે લખ્યું તે કર્યા કરો, હુરરરર લુંટી ખજાનો ભર્યા કરો.
વહતર વેરીને મજ્જ કરો, જે નીયા જીવતર.
હુધાગાં અધા તેમેસો, બીકણુ લુંટે ચ્યમ (૧)
મળે નહિ દમ—પડે નહિ ગમ—હુંથી છો કમ,
દા'ડી દા'ડીઓ હરો ફરો. વહતર.
બહાદર ગોંનાં માર પડે કે, ગણું પોબાગ સહેલ (૨)
હરવગાં પડલ (૩) હલો બારખ આ લીધા કરો. વહતર.

ઉરવશી-- ૬૯

પ્રભુ સદો વા'ર માની આગળી છું દુખીયારી ગિરધારી,
આ દીન દાસી આ પની, પાલવ આંસુડે ભરે;
પ્રેમ રતનથી થઇ વિખુટી, દુઃખના દરિયે ફરે, ગિર.
ભૂખ સહુ છું રાનમાં, પીવા વારો ન મળે,
પુર્વે કેવા કૃત્ય કરેલાં, આ ભવે આવીને મળે; ગિર.
રટણુ કરૂં છું તાહરૂં, મેળવજે પ્રાણનાથ;
નહિતર મારો પ્રાણુ હરી લે, તેથી થશે રળીઆત. ગિર.

ઉર, ઇંદ્ર-- ૭૦

પ્રીય પ્યારા સુંદર મનહર સુખકર વરીશું તમને,
તન મન ધન અરપણ કરી સરવ, બની દાસી ખારી,
પતિ સંગે, ઊમંગે, રમુ રંગે, પ્રસંગે,
ધસી હસી બેઠું હૃદય સગીપે સફળ કરો શ્રમને. પ્રિય.

તુગ તિણુ તુચ્છ ગણું સૌ વ્હાલી, આ જગ ખગની માંય;
છબી તારી, જાઉં વારી વાહ પ્યારી, બલીહારી;
ચરણુ શરણુ હું નીશદિન રહીને, સેવું સદા તમને. પ્રિય.

વિદુષક--

૭૧

જર વિના નર મરે આ ભૂપર, સુશ હશે પણ અશ જણાશે;
બુદ્ધિના બેળું હશે જર પાસે, દાસજર ખાસજર થાશે ઉલાસે.
માન સન્માન વળી બહુ લ્હાવા, ડાહ્યા નર જર જગમાં વાવા;
બુદ્ધિવાળાને ઠઠ્ઠે ચડાવી, ધોલ લગાવે ધુળ ફકાવા.
પૈસે પ્રભુ ધ્યાન ધરૂંજી, બાઈડી મારી મહાન ગરજી;
ખાન ને પાન ને માનને દાને, મોજ ઉડાવા મનહું માને.

૭૨

હાય હાય સત્યાનાશ જજોરે, પૈસે મુજને કર્યો બદનામ;
રૂવે ચોરની મા કોઠીમાં, જોજો ભાઈ તે આનું નામ.
કોઈ આવો ભાઇ (૨) હાય હાય કહી નાખ્યું કામ;
માથાં કુટશે બૈરાં છોકરાં, બુમ પાડીને મારૂં નામ.

વિદુ. છોકરો--

૭૩

હરમાન કાકો હડીઓ કરેને, વાળે વાશિંદુ વાગરા ભાઈ;
ઘરમાં ન મળે ઘડી બંટી કે, બાઉ ખવરવું તને હું આંઇ.
બાપા મને બાઉ (૨) બેસ બેટા લાઉં, કુતરૂં બસાઉં;
બાઉ-બાઉ-ઓ બાપા નહિ જોઇએ બાઉ, ચાલ હવે ઘેર.

પુંજલી--

૭૪

શાને લડો તમે મારા વાલારે, કરજોડી કરૂં કાલાવાલારે;
મારા યાર, હૈયા હાર, ઊભી બની હું લાચાર;
આવા હાઠ કરો છો શું ખાલારે.

હુંતો પરણી છું તમને જોઇરે, તમ ઉપર ઘણી હું મોહીરે;
કરો આપ, હું હંતાપ, લાગે તનડામાં તાપ,
શાને મારો છો ત્રેહના બાલારે.

પ્રેમસેન-- છંપ

સંકટ વખતે શ્રીહરી તમે, આવો શોક ગ્હાયે, તમે આવો.
દૃઢ તમારી મુજને ઓથ, કદી નવ વિસરયે.
અતિ ભિડ ભગી સૌ ઠામ, ભક્તની લજ્જા રાખી, લજ્જા.
નાથ નિરંજન આ સમે શું, બેઠા દાખી, બેઠા દાખી.
ચઢો વા'ર આ વાર (૨), એવો કો નહિ મારો;
માત પિતા કે સખા અવર જે, હુંથી ન્યારો, હુંથી ન્યારો.
ક્ષત્રી ટેક ધર્મ કાજ રાખવા તજ્યો છું ધામ,
સાથમાં સખો હતો તે ગુમ થયો કયે ઠામ.
ક્રૂર ક્રૂરસિંહ (૨) મને મારવાને લાવ્યો,
ભગિની કાજ વેશ્યા વાસ, ભમતો કાળ આવ્યો.
પડ્યું ગિરિસમ દુઃખ (૨) પ્રભુજી ઊગારો,
મુક્ત કરો નહિ આ સમે તો, પ્રાણ જશે મારો.
ધ્રુવ અને રોહીદાસ (૨) મીરાંબાઇ આપે તારી,
અહલ્યા અને આગરીશ, ગંઝારા સ્હાય કારી.
નિજ દાસ ગણી નવ વાર કરો, આપ આવી અને દુઃખ દુર કરો.
લવલેશ કરો જો વાર તમે, અરી આવી અહીં નડશેજ મને.
પ્રણમું પ્રણમું હું પ્રિત ધરી, ગજરો ગજરો મુજ લીયો હરી,
મને માર્યાથી નાથ (૨) લજ્જા કોની જાશે,
એ વિચારો દેવ દયાળુ દાસ ઊભા આશે.

ઉદ, ઇંદ્રિ--   ૭૬

વ્હાલા રસિલા, છેલ છબિલા, પ્રભુની લીલા, વાહરે વાહ;
સુરતી મુરતી પ્રેમદા પ્યારી, ગુણ ભંડારી વાહરે વાહ.
[પ્યારા હું તો જાણીછું. એમકે કયા જાઓછો ?]
[જાણોછોના હંત ઘર તરફ, વ્હાલી આ શું બોલી !]
માફ માગું છું મન મોહનજી, ભુલમાં બોલી કાંક;
પ્રેમ કેદીને મદન રાજ્યમાં, માફ કરે છે વાંક.
સુંદરી મેંતો મદન બજારે, ખોયું ચિત્ત રતન;
પ્રેમ રતન મેં જાળવી રાખ્યું, બહુ કરો પ્રાણ જતન.

વીરસેન--   ૭૭

દશા કેવી બની મારી, કરમની છે ગતિ ન્યારી.
સુખે સુતો તો મેહેલમાં, હુકમ કરતો સદા;
શત્રુ સાથ સપડાઇ ગયો, કેવો થયો ગજબ.
પામું સઘળીજ લાચારી, મરૂં વિષ ખાઇ આ વારી.
બેસી રાજ્યાસન પરે, દેતો હું જે ન્યાય,
તે ક્ષણમાં અળગું થયું, રંક થયોછું રાય.
સુવા નહિ સેજ સુખકારી, મળે નહિરે પીવા વારી.
વિદેશ ગમન પુત્ર તું, કરતો હઇશ દીન રેન,
સંકટ કયમ તું સહી રહીશ, પ્યારા ઓ પ્રેમસેન.
તારા વિણ આ સ્થિતિ મારી, થઇ હાયે દુઃખકારી,

બધાં—   ૭૮

હરખ (૪) ઊરમાં થયો, નરસ (૪) શોક સૌ સમ્યો.
આનંદે ઉર છલકી જાય, હરખે મુખ મલકી જાય, શુભ દિ આવિયો.
શાંન્તી કીધી જગતરાય, લાગીએ મળી સૌ પાય, આફળ તું રહ્યો.

ગુરૂ. જાદુ ક્રૂર— ૭૯

અરે હાય હાય હાય ગુરૂ હાલરે થશે:
કર્યાં કૃત્ય કુડાં તેના ફળ હવે ગળશે.
લીંગ રોગી આંખ કોઈ ચાખનારતો નહિ,
અસત્ય બોલી કોઈ કાળ, પ્રભુ થનાર નહિ.
પરદારા પીડીનેજ સાર શોરે ગલ્યો:
પાપ કુંભ દિન ચારમાં ફુટી નીકલ્યો.

વારાંગના— ૮૦

તાદીગ (૨) દીગ દીગ દીગ દીગ,
તનનનના દરેના દીગતની સાગરે તદરે દાની,
ધુગીકીટ ધુગીકીટ સનનનનનનન.
કિર્તિ મધુરી કસ્તુરી સમ પ્રસરો,
અહનીશ કરો ખાસ ત્રાસ અરીપર,
લઇ કર ખંજર, કિડકિડ ધા, કિડકિડ ધા,
ધાગિન્ધાધા કિડ કિડ ધા,
ધરણીધર કર અગર નરવર જગપર જય કર વાવા.

સર્વ— ૮૧

શ્રીજગદીશા, અખિલ અધીશા, કૃતિ તારીનો પામે ન પાર;
મનહર મૂરતિ, મંગળ કિર્તિ, ભૂમંડળના છો સૃજનાર.
જય જયકાર, જગની મોઝાર, થેઇ થેઇકાર,
કરીએ ઉચ્ચાર, નેક ટેક જાળવી અપાર,
યાચિયે હળી મળી આ વાર,
આર્યનો—ઉદય કર—દીનના—દયાળું.

સમાપ્ત.

આબરૂદાર કુટુંબો, કારીગરો અને વેપારીયો માટે

લીલામ ઓફીસ.

દરેક માણસ, કુટુંબ, શહેર, જીલ્લા અને દેશની પણ કાળચક્ર સાથે સ્થિતિ ફર્યા કરે છે. અને તેવા દુર્ઘટ પ્રસંગે ઘણા આબરૂદાર કુટુંબોને પોતાની પાસેની અમુલ્ય ચીજો પોતાની ઇજ્જત જાળવવાના હેતુથી છુપી રીતે વેચતાં ઘણાં નુકશાનો ખમવાં પડે છે અને તે તે વખતની અવસ્થાના પ્રમાણમાં તેમને અત્યંત દુઃખદાયક લાગે છે તેમજ કેટલીક ગરીબ સ્થિતિવાળાઓને પોતાની આજતો અને મુશ્કેલીયો પુરી પાડવામાં તેવીજ ચીજો નવી બનાવતાં અથાગ ખર્ચ થાય છે તો તે પરસ્પરની મુશ્કેલીઓ અટકાવવા તથા માલધણીઓની ઇજત સાચવવાના હેતુથી અમોએ આ ઓફીસ ખોલેલી છે તેમાં;—

૧ માલધણીનું નામ પ્રસિદ્ધિમાં ન આવવા ખાસ ગોઠવણ રાખી છે.

૨ તમામ પ્રકારનો નવો તથા જુનો ઘરગથુ સામાન વીગેરે અમુક દીવસોએ જાહેર લીલામ કરી વેચી આપવામાં આવે છે.

૩ તેમાં પણ કીમતી ચીજો ઠરેલ કીંમતથીજ વેચવાની હોય તો તે હરરાજ ન કરતાં તેની કીંમત તથા નામ પ્રસિદ્ધાર્થે ઇલાહીદા બોર્ડમાં દાખલ કરી તેજ કીંમતથી વેચાય છે.

૪ વેપારી અને કારીગરોનો માલ એજંટીથી વેપારી રીતે ચાલુ વેચાણ થઇ શકે છે.

"૫ આડતના બંદોબસ્તથી બહાર ગામ માલ મોકલી આપવાનું તથા "મંગાવી આપવાનું કામ અમો કરીએ છીએ."

એક વખત પણ કામ પાડી જોવા અમારી ખાસ ભલામણ છે.

મુ. પાટણ (ગુજરાત) લીલામ ઓફીસ.

જાની દોલતરામ પ્રાણશંકર, વ્યવસ્થાપક અને માલીક.

જાહેર ખબર.

જે સદગૃહસ્થોને આ પુસ્તકો ખરીદવાને ચાહ હોય, તેમને ગ્રંથ કર્ત્તાને જાતે મળવું, અગર પત્રદ્વાર ખબર આપવી. દશ કોપી ખરીદનારને એક વધારે, આપવામાં આવશે. એજંટ તરીકે ખપાવનારને બનતો લાભ આપવામાં આવશે.

પુસ્તક મળવાનાં ઠેકાણાં.

જાની. દોલતરામ પ્રાંણશંકર મુ. પાટણ. શ્રી શીશુ-રક્ષક ફંડના વ્યવસ્થાપક માલીક.

દવે. મગનલાલ દયારામ મુ. પાટણ—હીંગળાચાચર.

રાવળ. પ્રાણશંકર હીરાલાલ ઠે. ગોરસ્થાનની ખડકી મુ. પાટણ.